સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૪-૪-૯૮ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

ડાયરેક્ટર ઓફ પ્લાનીંગશ્રીના તા. ૧૫-૧૨-૯૭ના પત્ર નં. સીપીસી/૮/૨૫ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ તેમજ આ સમિતિના ઠરાવ નં. ૭/૯૮ અનુસાર તા.૨૬-૩-૯૮ ના રોજ જગ્યા જોયા બાદ, સમિતિની સભામાં હાજર રહેલા ડાયરેક્ટર ઓફ પ્લાનીંગશ્રી અને ઈ.ચા. ટાઉન પ્લાનરશ્રી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કર્યા બાદ, નગર રચના યોજના નં.૨૯ (રાંદેર) મુસદારૂપ નગર રચના તૈયાર કરવા નીચે જણાવેલ સુધારાઓ સાથે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અને તેના નિયમો ૧૯૭૯ની જોગવાઈઓ મુજબ આ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાની મંજુરી આપવાનું તથા સરકારશ્રીમાં જરૂરી પત્ર વ્યવહાર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

:::::: સુધારાઓ :::::

૧. ઓ.પી. નં. ૧ થી નોંધાયેલ મિલ્કત રાંદેર ઈસ્લામ જીમખાના ટ્રસ્ટની છે. આ ટ્રસ્ટ દ્વારા આ જમીન પર રમતગમતની પ્રવૃત્તિ થાય છે. અને વધુમાં આ જમીન ઐતિહાસિક મહત્વ ધરાવતી હોય, તેમાં સ્પોર્ટસ સેન્ટરના હેતુ માટે આર-૨૧ થી મુકવામાં આવેલ રીઝર્વેશન રદ કરવું તથા આ ઓ.પી.ને લાગું ૯.૧૪ મી.નો રસ્તો, રીઝર્વેશન રદ કરેલ હોવાથી આ સાથે સામેલ સ્કેચ મુજબ રદ કરવા તેમજ ફેરફારથી અસર પામતા ફાયનલ પ્લોટના ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર કરવો.

૨. ઓ.પી.નં.૪૮ ની દક્ષિણ તરફની જમીન આર-૨૩ થી સબ સેન્ટરના રીઝર્વેશન હેઠળ કપાત થાય છે. તેને બદલે ઉત્તર તરફ આ સાથે સ્કેચમાં દર્શાવ્યા મુજબ ફેરફાર કરી ઉપરોક્ત ફેરફારથી અસર પામતા ફાયનલ પ્લોટના ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર, કરવો. આ ઉત્તર તરફનો ભાગ ઈ.ડબલ્યુ.એસ. માટે રીઝર્વેશન હેઠળ લેવો.

૩. રામનગર પાસે મેઈનરોડ નજીક આવેલ ઝુલેલાલ મંદિરનું ધાર્મિક મહત્વ ખુબજ હોવાથી આ સાથે સ્કેચમાં દર્શાવ્યા મુજબ રસ્તારેખાની અસર ન થાય તે મુજબ મંદિરની જગ્યાનો ફાયનલ પ્લોટ નં.૧૬-એચમાં સમાવેશ કરવો.

૪. ફાયનલ પ્લોટ નં.૧૬/એ-બી-સી-ડી અને આઈ વચ્ચેથી ઉત્તર-દક્ષિણે પસાર થતો ૧૫.૦ મી.નો રસ્તો સ્થળ પરના હયાત બાંધકામો ધ્યાને લઈ ૧૨.૦ મી.નો પહોળાઈનો કરવો તથા ઉપરોક્ત રસ્તાના ફેરફારથી અસર પામતા ફાયનલ પ્લોટના ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર કરવો.

૫. ફાયનલ પ્લોટ નં.૧૬/જી અને ૧૬/એચ વચ્ચેથી પસાર થતો ૧૨.૧૯ મી.નો રસ્તો સ્થળ પરના હયાત બાંધકામોને ધ્યાને લઈ ૯.૧૪ મી.ની પહોળાઈનો કરવો તથા આ રસ્તાના ફેરફારથી અસર પામતા ફાયનલ પ્લોટના ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર કરવો.